સામાન્ય રીતે 300-600 મિલિગ્રામ/લિટર ટીડીએસવાળું પાણી પીવા માટે સારું અને સલામત માનવામાં આવે છે, ત્યારે અંકલેશ્વર પાલિકા વિસ્તારમાં 1100 ટીડીએસનું પાણી પૂરું પાડવામાં આવે છે

અંકલેશ્વરમાં પાણીમાં TDSની માત્રા વધારે

» નગરજનોને 1600 ટીડીએસનું પાણી પીવડાવવામાં આવતું હોવાના વિપક્ષે કરેલા આક્ષેપોને શાસક પક્ષે રદિયો આપ્યો, પરંતુ 1100 ટીડીએસનું પ્રમાણ એ પણ મોટું તો કહેવાય જ

» ઊંચા ટીડીએસવાળું પાણી નગરના જાહેર આરોગ્ય માટે નુકસાનકારક

જળમાં જ છળ

અંકલેશ્વરઃ અંકલેશ્વર નગરપાલિકાએ નગરજનોને 1600 ટીડીએસનું પાણી પીવડાવવામાં આવતું હોવાના વિપક્ષે કરેલા આક્ષેપોને શાસક પક્ષે રદિયો આપતાં ઉમેર્યું હતું કે હાલ અંકલેશ્વર પાલિકા વિસ્તારમાં 1100 ટીડીએસ સુધીનું પાણી અપાઈ રહ્યું છે.

શહેરોથી ગામડાં સુધી શુદ્ધ અને સ્વચ્છ પાણી એક પડકાર બની રહ્યું છે. વધતી જતી વસતી, ઔદ્યોગિક ક્રાંતિ, પાણીના મર્યાદિત કુદરતી સ્રોત અને કૂવાઓ, તળાવો અને તળાવોની યોગ્ય જાળવણીના અભાવે પીવાનું શુદ્ધ પાણી મેળવવું મુશ્કેલ બની રહ્યું છે. અંકલેશ્વર નગર પાલિકા દ્વારા નગરજનોને જે પાણીનો પુરવઠો અપાઈ રહ્યો છે તે બેશક હાઈ ટીડીએસની માત્રા ધરાવે છે. ઉલ્લેખનીય છે કે, અંકલેશ્વર નગરપાલિકાનો ફિલ્ટ્રેશન પોન્ડ ધરાવે છે તેમાં ઉકાઈ જમણા કાંઠા વિભાગ દ્વારા નહેર મારફતે મળતા પાણીને ઠાલવે છે. નહેરના પાણીમાં ટીડીએસની માત્રા 200થી 280 જેટલી હોય છે. આમ, પોન્ડ તેમજ નહેરનું પાણી ઉપરાંત બોરનું પાણીના મિશ્રણ બાદ પણ ટીડીએસની માત્રા 1100 જેટલી થાય છે. હાલ નગરપાલિકા આ પાણી જે ડહોળું હોય છે તેને ફિલ્ટ્રેશન પ્લાન્ટમાં ચોખ્ખું કરી ત્યાર બાદ અંકલેશ્વર નગરજનોને પૂરું પાડે છે. અન્ય પાણીના વિકલ્પના અભાવે પાલિકા 800થી 1100 ટીડીએસ જેટલી માત્રામાં પાણી પૂરું પાડવા સક્ષમ છે. અત્રે નોંધવું ઘટે કે, અંકલેશ્વર નોટિફાઈડ ઓથોરિટી સીધું જ ઉકાઈ જમણા કાંઠા નહેરનું પાણી લેતું હોય તે વિસ્તારમાં 240થી 280 ટીડીએસનું પાણી સપ્લાય કરે છે.

સામાન્ય રીતે 300-600 મિલિગ્રામ/લિટર ટીડીએસ પીવા માટે સારું અને સલામત માનવામાં આવે છે. 600-900 ટીડીએસ ધરાવતું પાણી પીવા માટે યોગ્ય માનવામાં આવે છે, પરંતુ 900 મિલિગ્રામ/લિટરથી વધુ ટીડીએસ ધરાવતું પાણી પીવા માટે ખરાબ અને અસુરક્ષિત માનવામાં આવે છે.

પાણીમાં TDSનું પ્રમાણ પ્રતિ લિટરે 300 મિલિગ્રામ કરતાં ઓછું હોવું જોઈએ

વિશ્વ આરોગ્ય સંગઠન મુજબ પાણીમાં ટીડીએસનું પ્રમાણ પ્રતિ લિટરે 300 મિલિગ્રામ કરતાં ઓછું હોવું જોઈએ. બ્યૂરો ઓફ ઇન્ડિયન સ્ટાન્ડર્ડ્સ (બીઆઈએસ) અનુસાર એક લિટર પાણીમાં ટીડીએસનું પ્રમાણ 500 મિલિગ્રામથી ઓછું હોવું જોઈએ. આમ જોવા જઈએ તો અંકલેશ્વર પાલિકા નગરજનોને અત્યાર સુધી ઊંચું ટીડીએસ ધરાવતું પાણી જ પૂરું પાડે છે. જે નગરના જાહેર આરોગ્ય માટે નુકસાનકારક છે. વિપક્ષ દ્વારા જે આક્ષેપ કરવામાં આવ્યા છે તેમાં તથ્ય છે જ, પણ અતિશયોક્તિ વધારે પડતી છે. આ અંગે અંકલેશ્વર પાલિકાના સત્તાધીશો જણાવે છે કે, અમારી પ્રથમ પ્રાથમિકતા પૂરતા પ્રમાણમાં પાણીનો પુરવઠો નગરજનોને પહોંચાડવાનો છે. તો ટીડીએસની માત્રા ઘટાડવાની દિશામાં વૈજ્ઞાનિક સલાહ લેવાની અને તેના માટે જરૂરી માળખાકીય સુવિધા ઊભી કરવાની દિશામાં અગ્રેસર છીએ.

માણેકપોર ક્રિકેટ મેદાનમાં બીજી વખત ફ્લડ લાઇટ ચોરાઈ, બે લાખનું નુકસાન

પહેલાં 16 લાઈટની થયેલી ચોરીમાં પોલીસ નિષ્ક્રિય રહેતાં ચોરોને મોકળું મેદાન મળી ગયું, વધુ 34 લાઈટની ચોરી

બારડોલીઃ બારડોલી નજીક માણેકપોરના જી.એમ. ક્રિકેટ મેદાનમાં ગ્રામ્ય પોલીસની બેદરકારીને કારણે ચોરોએ ફરીથી હાથફેરો કર્યો છે. મેદાનમાંથી 50 ફ્લડલાઇટ અને વાયરની ચોરી થવા પામી છે. આ ઘટના દસ દિવસમાં બીજી વખત બની છે, જેનાથી મેદાન સંચાલકોને અંદાજે બે લાખ રૂપિયાનું નુકસાન થયું છે.

મેદાનના સંચાલક જેનીશ અશોકસિંહ મોરીએ જણાવ્યું હતું કે, તેઓએ બારડોલી ગ્રામ્ય પોલીસને ફ્લડલાઇટ ચોરી થવાની શક્યતા વિશે જાણ કરી હતી, પરંતુ પોલીસે આ બાબતને ગંભીરતાથી લીધી નહીં. પરિણામે ચોરોએ ગત રાત્રે બાકી રહેલી 34 લાઇટની પણ ચોરી કરી લીધી હતી. દસેક દિવસ પહેલાં પણ 16 જેટલી લાઇટ ચોરાઈ હતી, ત્યારે પણ પોલીસને જાણ કરવામાં આવી હોવા છતાં કોઈ કાર્યવાહી કરવામાં આવી નહોતી. પોલીસની આ નિષ્ક્રિયતાના કારણે ચોરોને મોકળું મેદાન મળી ગયું હોય તેવું લાગી રહ્યું છે.

પોલીસ કામગીરી સામે ઊભા થતાં સવાલ

મદ્દી આઉટપોસ્ટ વિસ્તારમાં ખેતરોમાંથી મોટર ચોરીના બનાવો વધી રહ્યા હોવા છતાં, પોલીસ દ્વારા રાત્રિ પેટ્રોલિંગ વધારવામાં આવતું નથી, એવું સ્થાનિકો જણાવી રહ્યા છે. મેદાનની બંને બાજુ ને.હા.નં. 53 પર પોલીસ ચેકપોસ્ટ આવેલી છે. એક તરફ બાજીપુરા પાસે તાપી જિલ્લાની અને બીજી તરફ માણેકપોર પાટિયા પાસે સુરત ગ્રામ્ય પોલીસ ચોકી હોવા છતાં ચોરીની ઘટના બનવી પોલીસની કાર્યક્ષમતા પર સવાલ ઊભા કરે છે. આ ઘટનાએ પોલીસની બેદરકારી અને નિષ્ક્રિયતાને છતી કરી છે.

નર્મદા બ્રિજ બન્યો સ્યુસાઈડ પોઈન્ટ 4 વર્ષમાં 32 લોકોએ આપઘાત કર્યો

બ્રિજની બંને તરફ સુરક્ષા જાળી લગાવવાની માંગ

ભરૂચઃ ભરૂચ અને અંકલેશ્વરને જોડતા નર્મદા મૈયા બ્રિજ પર આત્મહત્યાનું એપીસેન્ટર બની ગયું છે. માત્ર ચાર વર્ષમાં આ જગ્યાએ 32 લોકોએ આપઘાત કરી લીધો છે. આ ચિંતાજનક સ્થિતિને ધ્યાનમાં રાખીને સામાજિક કાર્યકરોએ બ્રિજની બન્ને તરફ સુરક્ષા જાળી લગાવવાની માંગ કરી છે.

નર્મદા નદી ભલે ગુજરાત માટે આશીર્વાદ સમાન છે પરંતુ ભરૂચમાં નર્મદા નદી પર બનેલો બ્રિજ આત્મહત્યા કરનારાનું સેન્ટર બનતા જાણે અભિષાપરૂપ બન્યો હોય એમ લાગે છે. ભરૂચના સામાજિક કાર્યકર યોગી પટેલ ચિંતાજનક મત વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે ગત તા.12મી જુલાઈ 2021થી બ્રિજ વાહનનાં અવર જવર માટે ખુલ્લો મૂકવામાં આવ્યો છે. ત્યારથી અત્યાર સુધીનાં ચાર વર્ષમાં 32 લોકોએ બ્રિજ પરથી આપઘાત કરીને જીવ ગુમાવ્યો છે, ઉપરાંત 20થી વધુ લોકોએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો છે.

સામાજિક કાર્યકર ધર્મેશ સોલંકીએ જણાવ્યું હતું કે આ મુદ્દે અગાઉ પણ કલેક્ટર અને માર્ગ અને મકાન વિભાગને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. જો કે, હજુ સુધી કોઈ કાર્યવાહી થઈ નથી. આત્મહત્યાના બનાવો સતત ચાલુ છે. ત્યારે વહેલી તકે બ્રિજની બંને તરફ સલામતી માટે જાળી લગાવવાની માંગ કરી છે.

નવી પારડી પાસે હાઈવા ટ્રકોમાંથી ચોરી કરેલા 380 લીટર ડીઝલ સાથે એક પકડાયો

પિકઅપનો ડ્રાઈવર અને શૈલેષ ભૈયા વોન્ટેડ જાહેર

કામરેજઃ કામરેજ-વેલંજા નવી પારડી રોડ પર ડ્રાઈવરો સાથે મળી ડીઝલ ચોરી કરતાં એક ઈસમને બોલેરો પિકઅપ સાથે નવી પારડી પાસેથી પકડી પાડ્યો હતો. આ બનાવમાં પિકઅપનો ચાલક ફરાર થઈ ગયો હતો. પોલીસે ચોરીનું 380 લીટર ડીઝલ પકડી પાડ્યું હતું.

કડોદરા રહેતો ભગવાનલાલ વેદીચંદ ગડારી પોતાની મહિન્દ્રા પિકઅપ નં.(જીજે 05 સીયુ 0362)માં કામરેજના અંત્રોલીથી નવી પારડી તરફ જતાં રોડની બાજુમાં ઊભા રહેલાં વાહનોમાંથી ડીઝલ ચોરી કરે છે. જે માહિતીના આધારે કામરેજ પોલીસ સ્ટાફ સાથે નવી પારડી રાજ હોટલથી પીપોદરા જતાં રોડ પર વોચમાં હતા. દરમિયાન બાતમીવાળી પિકઅપ આવતાં અટકાવતાં પિકઅપનો ચાલક નાસી છૂટ્યો હતો. જ્યારે બાજુમાં બેસેલો ભગવાનલાલ વેદીચંદ ગડારી (ઉં.વ.28) (રહે.,સૂર્યા કોમ્પ્લેક્સ, ફ્લેટ નં.105, ચલથાણ, તા.પલસાણા, મૂળ રહે.,નાથદ્વારા, જિ.રાજસમંદ, રાજસ્થાન)ને પકડી પાડ્યો હતો. પિકઅપના પાછળના ભાગે ડીઝલ ભરેલા 10 કેરબામાંથી 380 ડીઝલનો જથ્થો મળી આવ્યો હતો. ડીઝલ બાબતે પૂછપરછ કરતાં વીસ દિવસ અગાઉ વાહનોમાંથી ડીઝલ કાઢી આપતા ડ્રાઈવરોનો સંપર્ક કરી હજીરા ખાતે ગયેલા અને હાઈવા ટ્રકના ચાલક શૈલેષ ભૈયાની સાથે મુલાકાત કરી ડીઝલ ચોરી કરવા બાબતે વાત કરી અંત્રોલીથી નવી પારડી જતા હાઈવા ટ્રકના માલિકની જાણ બહાર ડ્રાઈવરો પાસેથી રૂ.60માં ડીઝલ કાઢી આપતો અને છૂટકમાં રૂ.80નું લીટર વેચી દેતો હતો. દરરોજ રાત્રિના 10.45 કલાકે ફોન કરી રંગોલી ચોકડી પાસે આવેલા નાયરાના પંપ ડીઝલ લેવા માટે ડ્રાઈવર શૈલેષ ભૈયો બોલાવતો હતો. ડીઝલ લેવા માટે પિકઅપનો ચાલક રમેશ સોહનલાલ ખટીક સાથે આવતો હતો. જે અંગે કામરેજ પોલીસે ગુનો નોંધી પિકઅપના ડ્રાઈવર અને શૈલેષ ભૈયાને વોન્ટેડ જાહેર કર્યો હતો. પોલીસે ડીઝલ, પિકઅપ મળી કુલ રૂ.5,41,480નો મુદ્દામાલ ઝડપી પાડ્યો હતો.

ડેડિયાપાડાના સામોટમાં પહેલી પત્નીને ત્રાસ આપતાં પતિ અને બીજી પત્ની સામે ગુનો

રાજપીપળાઃ ડેડિયાપાડાના સામોટ ગામમાં પત્ની હોવા છતાં બીજી પત્ની લાવી પહેલી પત્નીને ત્રાસ આપતાં મહિલા પોલીસે પતિ અને બીજી પત્ની વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ડેડિયાપાડાના સામોટ ગામનાં મંજુલાબેન જાયસિંગભાઈ વસાવાએ આપેલી ફરિયાદ મુજબ મંજુલાબેનના પતિ જાયસિંગભાઈ મોગીયાભાઈ વસાવા તેમજ બીજી પત્ની પ્રવીણાબેનને મંજુલાબેન સાથે ગાળાગાળી ઝઘડો કરી અવારનવાર મારઝૂડ કરી શારીરિક-માનસિક ત્રાસ આપતાં હોય તેમજ ગાળો બોલી મારઝૂડ કરી જાનથી મારી નાંખવાની ધમકી આપતા હતા. આથી પતિ અને બીજી પત્નીએ એકબીજાની મદદગારી કરી મંજુલાબેનને ત્રાસ આપી ગુનો કરતાં રાજપીપળા મહિલા પોલીસે બંને વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

સંક્ષિપ્ત સમાચાર

વાંકલ ખાતે નારી સંમેલનમાં માતા યશોદા એવોર્ડ એનાયત કરાયા

વાંકલઃ વાંકલ ખાતે નારી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં માતા યશોદા એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. વાંકલના પંચવટી હોલ મુકામે માંગરોળનો નારી સંમેલન કાર્યક્રમ અને માતા યશોદા એવોર્ડ વિતરણનું આયોજન કરવામાં આવ્યું હતું. નારી સંમેલન કાર્યક્રમ જિલ્લા પંચાયત સુરતના મહિલા અને બાળવિકાસ અને યુવા પ્રવૃત્તિનાં અધ્યક્ષ દરિયાબેન વસાવાના હસ્તે સમગ્ર કાર્યક્રમ ખુલ્લો મૂકવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં કુલ 250 લાભાર્થી હાજર રહ્યા હતાં.

ખરોડમાં જુગાર રમતા 3 જુગારી ઝડપાયા

અંકલેશ્વરઃ ભરૂચ એલસીબીએ ખરોડ વેલફેર હોસ્પિટલ સામે આવેલી ઓરડીમાંથી જુગાર રમતા ત્રણ જુગારીને રૂ.૧.૪૩ લાખના મુદ્દામાલ સાથે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. ભરૂચ એલસીબીના પી.આઈ. એમ.પી.વાળાના માર્ગદર્શન હેઠળ પી.એસ.આઈ. આર.કે.ટોરાણી સહિત સ્ટાફ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. દરમિયાન બાતમી મળી હતી કે, સંજાલી ગામના હોલી ચકલા ખાતે રહેતો ઇકબાલ શાબીર શેખ ખરોડ વેલફેર હોસ્પિટલ સામે આવેલી પોતાની ઓરડીમાં બહારથી માણસો બોલાવી જુગાર રમાડે છે. આ બાતમીના આધારે પોલીસે દરોડા પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી રોકડા ૩ર હજાર અને ચાર ફોન મળી કુલ ૧.૪૩ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો અને જુગારી ઇકબાલ શાબીર શેખ, પ્રહલાદ દીનાનાથ શાહ, કુમાર ઇન્દ્રબહાદુરને ઝડપી પાડ્યો હતો.

પાનોલી પોલીસે ગુમ-ચોરી થયેલા રૂ.1.33 લાખના 10 મોબાઈલ મૂળ માલિકોને પરત કર્યા

અંકલેશ્વરઃ પાનોલી પોલીસે પોલીસે તેરા તુજકો અપર્ણ અભિયાન અંતર્ગત ગુમ અથવા ચોરી થયેલા રૂ.1.33 લાખની કિંમતના 10 મોબાઈલ મૂળ માલિકોને પરત કરવામાં સફળતા મેળવી હતી. ભરૂચ જિલ્લા પોલીસ દ્વારા CEIR પોર્ટલનો ઉપયોગ કરી ગુમ/ચોરી થયેલ મોબાઇલ ફોન શોધી કાઢવા સૂચના આપવામાં આવી હતી, જેના આધારે અંકલેશ્વરની પાનોલી પોલીસ દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી.

ભરૂચમાં દારૂ ભરેલી કાર સાથે એક ઝડપાયો, પાંચ વોન્ટેડ

ભરૂચઃ ભરૂચ શહેર એ ડિવીઝન પોલીસે મળેલી બાતમીના આધારે ACB સર્કલથી જંબુસર બાયપાસ તરફ જતી કારને અટકાવી તપાસ કરતાં તેમાંથી દારૂના 20 બોક્સ મળી આવ્યા હતા. આ બોક્સમાંથી કુલ 516 નંગ દારૂની બોટલ અને બીયરના ટીન મળ્યા હતા. જેની કિંમત રૂ. 1.27 લાખ છે. આ ઉપરાંત બે મોબાઇલ અને કાર મળી કુલ રૂ. 7.47 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. કારમાંથી વાગરા તાલુકાના રહાદ ગામના ઇમરાન મોહંમદ ઇસ્માઇલ પટેલને પકડવામાં આવ્યો હતો. આ કેસમાં સુરતના દિવ્યેશ કાલરીયા અને રાજુ મારવાડી તેમજ ભરૂચના અજ્ઞુ દિવાન, ચિરાગ મિસ્ત્રી અને યોગેશ મિસ્ત્રીને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે.

કડોદરામાં ટેમ્પોએ બાઇકને ટક્કર મારતાં ધો.10ના વિદ્યાર્થી સહિત બેનાં મોત

અકસ્માત બાદ ચાલક ટેમ્પો લઈને નાસી છૂટ્યો

પલસાણાઃ કડોદરા શ્રીનિવાસ ગ્રીન સિટીના ગેટ સામે કડોદરાથી બારડોલી રોડ પર આઈશર ટેમ્પોએ મોટરસાઇકલને ટક્કર મારતાં મોટરસાઇકલ પર સવાર દસમા ધોરણના વિદ્યાર્થી સહિત બેનાં મોત થયાં હતાં. જ્યારે એકને ઇજા થતાં સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. ટક્કર મારી ટેમ્પોચાલક ટેમ્પો લઈ સ્થળ પરથી નાસી છૂટ્યો હતો.

પલસાણા તાલુકાના તુંડી ગામે રહેતો દીપક વિરેન્દ્રસિંઘ ચૌધરી (ઉ.વ.18) ગતરોજ તેની મોટરસાઇકલ નં.(જીજે 5 ટીએફ 0928) પર તેની સોસાયટીમાં રહેતા અને ધો.10માં અભ્યાસ કરતા અમન રાજેશ યાદવ (ઉ.વ.15) (મૂળ રહે., પ્રતાપગઢ, ઉત્તરપ્રદેશ) અને અન્ય એક મિત્ર ધો.10માં અભ્યાસ કરતો ગાંધર્વ સૂજીત ઝા (ઉ.વ.15) કડોદરા ગયા હતા. તેઓ કામ પૂર્ણ કરી પરત ઘરે આવવા નીકળ્યા હતા. ત્યારે કડોદરાની શ્રીનિવાસ ગ્રીન સિટીના ગેટ પાસે એક પૂરઝડપે આવતા આઈશર ટેમ્પો નં.(જીજે 19 એક્સ 3185)ના ચાલકે તેમની મોટરસાઇકલને અડફેટે લીધી હતી. જેથી ત્રણેય નીચે પટકાયા હતા. જે પૈકી અમનને ગંભીર ઇજા થતાં સ્થળ પર જ મોત નીપજ્યું હતું. જ્યારે દીપકને ઇજાગ્રસ્ત હાલતમાં સુરતની સ્મીમેર હોસ્પિટલમાં લઈ જવાયો હતો. જ્યાં ટૂંકી સારવાર બાદ તેનું મોત થયું હતું. જ્યારે ગાંધર્વને સામાન્ય ઇજા થઈ હતી. અકસ્માત કરી ટેમ્પોચાલક વાહન લઈ નાસી છૂટ્યો હતો. આ ઘટનાની જાણ થતાં જ કડોદરા જીઆઇડીસી પોલીસ પણ સ્થળ પર આવી પહોંચી હતી. આ હિટ એન્ડ રનની ઘટના હોવાથી પોલીસે મૃતક અમનના પિતા રાજેશભાઈની ફરિયાદના આધારે ટેમ્પોચાલક વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. અમન ધો.10માં સંસ્કાર વિદ્યાલય બલેશ્વર ખાતે અભ્યાસ કરતો હતો.

આખરે અંકલેશ્વરમાં વધતી ટ્રાફિક સમસ્યા તંત્રને દેખાઈ ખરી, સંકલન બેઠક યોજાઈ

હાઇવે તેમજ આંતરિક માર્ગો ઉપર વધતી જતી ટ્રાફિકની સમસ્યા દૂર કરવા કવાયત

અંકલેશ્વરઃ અંકલેશ્વરમાં છેલ્લા કેટલાયે સમયથી ટ્રાફિક જામની વિકટ સમસ્યા વકરી પડી છે ત્યારે મોડે મોડે સ્થાનિક વહીવટી તંત્રની ઊંઘ ઉડી છે. ટ્રાફિક જામની સમસ્યાને હળવી બનાવવા વિવિધ સરકારી વિભાગો વચ્ચે એક સંકલન બેઠક યોજાઈ હતી, જેમાં વિકટ બનતી જતી ટ્રાફિક જામની સમસ્યાને દૂર કરવાની કવાયત હાથ ધરવામાં આવી છે.

છેલ્લા એક વર્ષથી ભરૂચ અંકલેશ્વર સુરત વચ્ચેના હાઈવે ઉપર ટ્રાફિક જામની સમસ્યા રોજિંદી બની રહેવા પામી છે. હાઈવે જામની પ્રત્યક્ષ અસર અંકલેશ્વરના આંતરિક માર્ગો ઉપર પણ વર્તાવા માંડી હતી. ખાસ કરીને નર્મદા મૈયા બ્રિજ બન્યા બાદ ભારે વાહનોને બાદ કરતાં ફોર વ્હીલર વાહનો જે અગાઉ ને.હા.નો ઉપયોગ કરતાં હતા, તેઓ ઝાડેશ્વર ટોલ ટેક્સ બચાવવા નર્મદા મૈયા બ્રિજનો ઉપયોગ કરતાં થયા છે. જેને પગલે અંકલેશ્વરના મહાવીર ટર્નિંગથી પ્રતિન ચોકડી, વાલિયા ચોકડી સુધીના મુખ્ય માર્ગ ઉપર પારાવાર ટ્રાફિક જામ જોવા મળી રહ્યો છે.

આ ઉપરાંત રાજપીપળા ચોકડીથી યુપીએલ કંપની વચ્ચેનો સર્વિસ રોડ ફાજલ સાબિત થયેલી રાજપીપળા તરફ જતી રેલવે લાઈન જતી હોય રેલવે વિભાગે બંધ કરી દીધો હતો. જેને પરિણામે પણ અનેક વાહનો મહાવીર ટર્નિંગ વાળા માર્ગ ઉપર અવરજવર કરતાં હતા. જો આ સર્વિસ રોડ ખુલ્લો થઈ જાય તો ખાસ્સી એવી વાહનોની અવરજવર વહેંચાઈ જાય તેવી છે. હવે આ દિશામાં અંકલેશ્વરની વહીવટી તંત્રની દ્રષ્ટિ ગઈ છે.

ગતરોજ અંકલેશ્વરના પ્રાંત અધિકારીના અધ્યક્ષ સ્થાને અંકલેશ્વરની વાલિયા ચોકડી દબાણ, ટ્રાફિક સમસ્યા તેમજ રાજપીપળા ચોકડીમાં રેલવે ક્રોસિંગ ખોલવા અંગેની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ડીવાયએસપી, ટ્રાફિક પોલીસ, નોટિફાઈડ, અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએસન, ડીપીએમસી, હાઈવે ઓથોરિટી, રેલવે વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આમોદ નગરપાલિકા વેરા વસૂલાત માટે કડક બની: દુકાનો સીલ, નળ કનેક્શન કાપ્યાં

વીજ કનેક્શન કપાઈ જતાં તંત્રને હાલાકી વેઠવાની નોબત આવતાં કડક કાર્યવાહી

ભરૂચઃ આમોદ નગરપાલિકા વેરા વસૂલાત માટે કડક બની હતી. આમોદ નગરના કરોડો રૂપિયાના બાકી વેરા માટે પાલીકા તંત્ર દ્વારા ટકોર કરવા છતાં કેટલાક લોકો વેરો નહીં ભરતાં પાલિકાએ દુકાનો સીલ મારવાની અને નળ કનેક્શન કાપવાની પ્રક્રિયા શરૂ કરી હતી. જેથી પાલિકાની કડક કાર્યવાહીથી બાકી વેરા ધારકોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. ત્યારે પાલિકાના કર્મચારીઓ પણ નાણાકીય વર્ષના અંતિમ મહિનામાં વેરા વસૂલાત માટે કડક બની આમોદ નગરમાં આવેલી કેટલીક દુકાનોને સીલ કરી હતી અને નળ કનેક્શન પણ કાપી નાંખ્યાં હતાં.

આમોદ નગરપાલિકાના મુખ્ય અધિકારી પંકજ નાયકની સૂચના મુજબ પાલિકા વિસ્તારમાં ટીમો કાર્યરત રહે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આમોદ નગર પાલિકામાં વેરો ન ભરતાં અંતે વીજ કનેક્શન કપાઈ જતાં તંત્ર સાથે લોકોએ હાલાકી ભોગવવી પડતી હોય છે. જેને લઈ પાલિકા વિભાગે બાકીદારો સામે આંખ લાલ કરવાની ફરજ પડી છે.

Milano MULTIPLEX
બારડોલી
Shaadi Mein Zaroor Aana
10:00am, 04:00pm, 10:00pm
Queen
01:00pm, 07:00pm
Chhaava
12:00pm, 03:00pm, 06:00pm, 09:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333

SAVITRIBEN PATEL COLLEGE OF PHYSIOTHERAPY
(Managed by Pratik Medical Education & Charitable Trust)
Add: "BhikhiBaa Campus" At & Post: Kamalchod(Bajipura),Ta.Valod, Dist.Tapi - 394690
E-mail:pmect2021@gmail.com , savitribenpatelphysiotherapy@gmail.com
Phone No. – 9313922817
Affiliated with Veer Narmad South Gujarat University, Surat

Invites Applications from eligible candidates for the following posts:

Sr.No.	Name of the Post	No.of the Post	Subject & Faculty
1	Principal	1	M.P.T with 15 years university recognized teaching experience including 5 years as a Professor, Desirable :Ph.D
2	Professor	1	M.P.T with 5 years university recognized teaching experience as a Associate Professor, Desirable :Ph.D
3	Associate Professor	4	M.P.T with 8 years university recognized teaching experience as a Assistant Professor, Desirable : Ph.D
4	Assistant Professor	4	M.P.T from recognized university
5	Clinical therapist	2	B.P.T from recognized university

Qualifications, pay scale and service conditions are as per norms of Gujarat state council for physiotherapy/ UGC and Veer Narmad South Gujarat University, Surat. Interested candidates should apply with their detailed Curriculum Vitae along with photographs, attested certificates, mark sheets, testimonials within 15 days from the date of publication of this employment notice by Reg.Post/Speed Post only in favour of Pratik Medical Education & Charitable Trust), "BhikhiBaa Campus" At & Post: Kamalchhod (Bajipura), Ta.Valod, Dist. Tapi– 394690.
(President)